# નગર શિક્ષણ પત્રિકા


પત્રિકા નં. : ૪ | પ્રકાશક : નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ | માર્ચ-એપ્રિલ: ૨૦૧૨





| પ્રેરણા | માર્ગદર્શન | લેખન - સંપાદન | | |
|---|---|---|---|---|
| ડૉ. જગદીશ ભાવસાર<br>અધ્યક્ષ | ડૉ. એલ. ડી. દેસાઈ<br>શાસનાધિકારી | નલિનીબહેન પોપટાણી<br>નાયબ શાસનાધિકારી | ડૉ. આર. એચ. રાણા<br>સંચાલક, નૂતન તાલીમ વિભાગ | અધ્યાપકગણ<br>નૂતન તાલીમ વિભાગ |
| ડૉ. હર્ષદ પટેલ<br>ઉપાધ્યક્ષ | | | | |




**'શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર નિર્માણ ઉનકી ગોદમેં પલતે હૈ.'**

**- ચાણક્ય**







## 'સમયદાન'ની જરૂર છે આજે...

અમદાવાદ શહેરમાં વિકાસનાં નવાં નવાં સોપાનો દ્રશ્યમાન થઈ રહ્યાં છે. અમદાવાદ ચોમેર વિકાસ પામી રહ્યું છે. સાબરમતી રીવર ફ્રંટ, બી.આર.ટી.એસ. બસ સેવા, અંડરબ્રીજ અને ઑવરબ્રીજ અમદાવાદમાં પથરાઈ રહ્યા છે.

વિકાસ એ અમદાવાદની ઓળખ બની ગયો છે. આ વિકાસ સાથે આપણે કદમ મિલાવવા તૈયાર થવું પડશે. વિકાસનો લાભ લેવા આપણે સક્ષમ બનવું પડશે. સ્થળાંતર થયેલાં પ્રજાજનો માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓના માધ્યમથી વાસણા વિસ્તારમાં અને પીંપળજ ખાતે આપણે નવી શાળાઓનો પણ પ્રારંભ કર્યો છે. કોર્પોરેશનના શિક્ષણપ્રેમી શાસકોના પ્રયાસોથી વધારે શાળાઓ પણ આપણે ખોલવાના છીએ. શાળાઓ જ્યાં છે ત્યાં અને જ્યાં નવી ખોલીશું ત્યાં તેને કિલ્લોલ કરતી કરવા બાળકો જોઈશે. બાળકોને દાખલ કરવા આપણે 'શિક્ષા પ્રસાર યાત્રા' પ્રારંભ કરી છે. આ શિક્ષા પ્રસાર યાત્રાનો હેતુ 'સૌ ભણે, સૌ આગળ વધે'નો છે. આપણે ૨૦૧૧-૧૨માં જ્યાં હતા ત્યાંથી આગળ વધવું છે. પડકારો અનેક છે. પરિશ્રમ કરી તેનો મુકાબલો કરવો છે. સૌ શિક્ષક ભાઈ-બહેનોનો સાથ સહકાર અને 'સમયદાન' જરૂરી છે આજે.

આપના

**ડૉ. હર્ષદ પટેલ**
**વાઈસ ચેરમેન**

**ડૉ. જગદીશ ભાવસાર**
**ચેરમેન**

**સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મજયંતી પ્રસંગે તેમને કોટિ કોટિ વંદન સાથે શિક્ષણ-કેળવણી અંગે તેમના દ્વારા રજૂ થયેલા વિચારમૌક્તિકો પૈકી કેટલાંક અત્રે પ્રસ્તુત છે.**



આપણે સ્વતંત્ર ! આપણે એક ક્ષણ માટે પણ આપણા પોતાના મન પર સત્તા ચલાવી શકતા નથી, એક વિષય ઉપર મનને કેન્દ્રિત કરી શકતા નથી, બીજી બધી બાબતોને છોડી દઈને મનને એક જ મુદ્દા પર એકાગ્ર કરી શકતા નથી ! છતાં આપણે પોતાને સ્વતંત્ર માનીએ છીએ ! જરા વિચાર તો કરો !

**- સ્વામી વિવેકાનંદ**

જે કેળવણી જીવનના સંઘર્ષ સામે ઝઝૂમવાની તાકાત આપતી નથી, જે ચારિત્ર્યબળને ખીલવતી નથી, જે પરોપકાર કરવાની ઉદારતા અને સિંહ સમાન હિંમત આપતી નથી, તે શું કેળવણીના નામને લાયક છે? સાચી કેળવણી તો તે છે કે જે માનવીને પોતાના પગ ઉપર ઊભો રહેતાં શીખવે છે.

જે અભ્યાસથી ઈચ્છાશક્તિનો પ્રવાહ અને અભિવ્યક્તિ નિયંત્રણ હેઠળ લાવી શકાય તથા ફળદાયી બનાવી શકાય, તે છે કેળવણી.

સાચું શિક્ષણ એટલે માત્ર શબ્દોનું ભંડોળ ભેગું કરવું એ નહિ, પરંતુ બુદ્ધિશક્તિનો વિકાસ; અથવા વધારે સાચા અર્થમાં વ્યક્તિની કુશળતાપૂર્વક ઈચ્છાશક્તિનો ઉપયોગ કરવાની તાલીમ.

બીજાઓ પાસેથી અવશ્ય આપણે ઘણી બાબતો શીખવાની છે; અરે, જે નવું શીખવાની ના પાડે તે મૂએલો જ છે!

‘જીવીએ ત્યાં સુધી શીખીએ’ પણ અહીં એક બાબત ધ્યાનમાં રાખવાની છે કે, જ્યારે આપણે બીજાઓ પાસેથી કાંઈ લઈએ ત્યારે તેને આપણી રીત પ્રમાણે અને આપણને અનુકૂળ આવે તેમ ઘડી લેવું જોઈએ.

**ઈનામ વિતરણ કાર્યક્રમ :-**

કાંકરિયા કાર્નિવલ ખાતે યોજાયેલ વિવિધ સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતા બાળકોને અનુક્રમે રૂા. ૧૧,૦૦૦/-, રૂા. ૭,૦૦૦/- અને રૂા. ૫,૦૦૦/- તા. ૩૧/૧૨/૨૦૧૧ના રોજ કાંકરિયા ખાતે જ ઈનામ સ્વરૂપે આપવામાં આવેલ. રંગોળી, ચિત્ર, નિબંધ અને વકતૃત્વ હરીફાઈમાં શહેરકક્ષાએ પ્રથમ આવનાર બાળકોને આ રીતે સ્થળ પર જ પુરસ્કાર આપ્યા બાદ ઝોનકક્ષા તેમજ બીટકક્ષાએ પ્રથમ આવનાર ત્રણ-ત્રણ વિદ્યાર્થીઓને ઈનામ આપવા માટે તા.૩૦/૦૧/૨૦૧૨ના રોજ સ્કાઉટભવન ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો. ઝોન કક્ષાએ પ્રથમ વિજેતાને રૂા. ૩,૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂા. ૨,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂા. ૧,૦૦૦/- ઈનામ તરીકે આપવામાં આવ્યા. બીટકક્ષાએ પ્રથમ વિજેતાને રૂા. ૧,૦૦૦/-, દ્વિતીય વિજેતાને રૂા. ૭૫૦/- અને તૃતીય વિજેતાને રૂા. ૫૦૦/- લેખે ઈનામ આપી જાહેરમાં સન્માનવામાં આવ્યા. ઈનામ વિતરણ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે કચ્છ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. શશીરંજન યાદવ ઉપસ્થિત રહ્યા. સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓ તથા અધિકારીગણની ઉપસ્થિતિમાં યોજાયેલ ઈનામ વિતરણ કાર્યક્રમમાં વિજેતા ૧૯૮ બાળકોને કુલ રૂા. ૨,૭૦,૦૦૦/- જેટલી રકમ ઈનામ સ્વરુપે અપાઈ તથા વિજેતા વિદ્યાર્થીઓની સાથે મોટી સંખ્યામાં વાલીવર્ગની હાજરી જોવા મળી.

**આચાર્ય સંપર્ક યાત્રા :-**

તા. ૨૪/૦૧/૨૦૧૨થી શરૂ કરીને સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી અને શાસનાધિકારીશ્રી દ્વારા આચાર્ય સંપર્ક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. શાળાના સફળ સંચાલન માટે સૂત્રધાર એવા આચાર્યોને વ્યક્તિગત રીતે મળી શકાય તેમજ પારિવારિક ભાવ સાથે સંવાદ કરી શકાય તે માટે બીટવાર આચાર્યો સાથે બેઠક કરવામાં આવી. બાળક કેન્દ્રસ્થાને રહે અને શાળાની વ્યવસ્થા સુચારુ બને તેવા આશયથી 'સુંદર બાળક, સ્વચ્છ બાળક અને સક્ષમ બાળક'ના સંદેશ સાથે મ્યુનિ. શાળાના બાળકોના સર્વાંગી વિકાસની વાત કરવામાં આવી. 'સુંદર શાળા, સ્વચ્છ શાળા અને સલામત શાળા સાથે સમર્પિત શિક્ષક'ની વાત પણ રજૂ કરવામાં આવી. મ્યુનિ. શાળા અને તેનાં બાળકો માટે આચાર્ય-શિક્ષકના મનમાં પોતીકાપણાનો ભાવ જાગૃત કરવા માટે દરેક ઝોનની બીટવાર આચાર્ય સંપર્કયાત્રા ખૂબ જ ઉપકારક જણાઈ.

**સરસ્વતી પૂજન :-**

તા. ૨૮/૦૧/૨૦૧૨ને શનિવાર, વસંતપંચમીના રોજ મુખ્ય ઑફિસ, એલિસબ્રીજ શાળા નં. ૧૦ ખાતે સરસ્વતી પૂજન રાખવામાં આવ્યું. આ પ્રસંગે ૪ ફૂટ ઊંચાઈ ધરાવતી પ્લાસ્ટર ઑફ પેરીસમાંથી બનાવેલી સરસ્વતીજીની મૂર્તિનું સ્થાપન કરી વિધિવત્ પૂજા-અર્ચના કરવામાં આવી. સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓ, શાસનાધિકારીશ્રી, અધિકારીગણ તથા કર્મચારીઓ આ પૂજનમાં જોડાયા.

**'સોનાબા શાહ' વકતૃત્વ સ્પર્ધા :-**

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ તથા રોટરી ક્લબ અમદાવાદ મેટ્રોના સંયુક્ત ઉપક્રમે મ્યુનિ. શાળાઓમાં ભણતાં બાળકોની વકતૃત્વ કલા વિકસે તથા તેઓને પોતાના મૌલિક વિચારો જાહેર સ્ટેજ પરથી વ્યક્ત કરવાની તક મળે તેવા આશયથી તા. ૦૪/૦૨/૨૦૧૨ના રોજ ટાગોર હૉલ, પાલડી ખાતે 'સોનાબા શાહ' પાંચમી વકતૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો. ઝોનકક્ષાએ વિજયી ૧૯ ઉમેદવારોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેઓએ 'પર્યાવરણની જાળવણીમાં મારો ફાળો' 'મોહનમાંથી મહાત્મા', 'પુસ્તક મૈત્રી' તથા 'મા તે મા' વિષય પર પોતાની આગવી શૈલીમાં સુંદર વકતવ્ય રજૂ કર્યાં હતાં.

આ વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પુરુષોત્તમનગર શાળા નં. ૧ના વિદ્યાર્થી સુમન ગોબરભાઈ આહીર, દ્વિતીય ક્રમે નવા વાડજ હિન્દી શાળા નં. ૧ના રાજેશ અમરસિંહ જાદવ, તેમજ તૃતીય ક્રમે પુરુષોત્તમનગર શાળા નં. ૧ની વિદ્યાર્થિની જલ્પા ભૂપતભાઈ ગોહિલ અને દરિયાપુર ઉર્દૂ શાળા નં. ૪ની વિદ્યાર્થિની લાયકાબાનુ આઈ. શેખ એમ કુલ ચાર વિદ્યાર્થીઓ વિજેતા જાહેર થયા હતા. આ વિજયી ઉમેદવારોને અનુક્રમે રૂા. ૧,૦૦૦/-, રૂા. ૭૫૦/-, રૂા. ૫૦૦/- ઉપરાંત રોટેરીયન ટ્રોફી તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ઝોન કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બાળકોને પણ પુરસ્કાર સ્વરૂપે રૂા. ૩૦૦/- તથા પ્રતીક ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ડિસ્ટ્રીક્ટ ગવર્નર રોટરી-૩૦૫૦ના રોટેરીયનશ્રી રત્નેશ કશ્યપજી, સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સદસ્યશ્રીઓ, શાસનાધિકારીશ્રી, રોટરી ક્લબ અમદાવાદ મેટ્રોના હોદ્દેદારો, સ્કૂલ બોર્ડના અધિકારીશ્રીઓ, શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં બાળકો ઉપસ્થિત રહ્યાં હતાં.

**બોક્સિંગ ચેમ્પિયનશિપના તેજસ્વી તારલા :-**

ખેલમહાકુંભ - ૨૦૧૧ અંતર્ગત ખોખરા સ્પોર્ટસ સંકુલ ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ એમેચ્યોર સ્કૂલ ગેમ્સ (અંડર ૧૪)માં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના નીચે જણાવેલ વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી તા.૨૬/૧૧/૧૧ થી ૦૩/૧૨/૧૧ દરમ્યાન છત્રસાલ સ્ટેડિયમ, દિલ્હી ખાતે યોજાયેલ નેશનલ સ્કૂલ ગેમ્સ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ગુજરાત રાજ્ય તરફથી જુદા જુદા વજન ગ્રુપમાં પ્રતિનિધિત્વ કર્યું હતું.

| **વિદ્યાર્થીનું નામ** | **વજન ગ્રુપ** | **શાળાનું નામ** |
|---|---|---|
| અન્સારી શાહનવાઝ એ. | 28 to 30 Kg | જમાલપુર ઉર્દૂ - ૪ |
| જુલાયા મોહસીન એ. | 32 to 34 Kg | જમાલપુર ગુ. ૨૬ |
| શેખ મો. સોહેલ એમ. | 44 to 46 Kg | જમાલપુર ગુ. ૨૬ |

તા. ૦૧/૦૩/૨૦૧૨ના રોજ ખોખરા સ્પોર્ટસ સંકુલ ખાતે યોજાયેલ ગુજરાત સ્ટેટ અન્ડર ૧૪ બોક્સીંગ ચેમ્પિયનશિપમાં જમાલપુર શાળા નં. ૨૬ના ધોરણ ૮ના વિદ્યાર્થી સૈયદ હૈદરઅલી અસગરઅલીએ 46 to 58 Kg માં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરેલ છે અને તા.૨૬/૦૪/૧૨ના રોજ દિલ્હી ખાતે યોજનાર નેશનલ કિક બોક્સિંગ સ્પર્ધામાં પ્રવેશ મેળવેલ છે.

ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓને સ્કૂલ બોર્ડ તરફથી હાર્દિક અભિનંદન તેમજ શુભેચ્છાઓ.

**શાળા લોકાર્પણ કાર્યક્રમ :-**

તા. ૦૪/૦૨/૨૦૧૨ના રોજ સુવર્ણ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂા. ૫૨,૯૪,૭૭૧ના ખર્ચે નિર્માણ થયેલ પશ્ચિમઝોનના વાસણા વોર્ડમાં રાજીવનગર ખાતેના મ્યુનિ. પ્લોટમાં બનાવેલ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની નવી શાળા એલિસબ્રીજ શાળા નં. ૩૦નું લોકાર્પણ શ્રીરમણલાલ વોરા, માનનીય મંત્રીશ્રી શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ, ગુજરાત રાજ્યના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે અમદાવાદ મહાનગરના મેયરશ્રી અસિતભાઈ વોરા, ડેપ્યુટી મેયરશ્રી દર્શનાબેન વાઘેલા, મ્યુનિ. ભાજપના નેતાશ્રી ગૌતમભાઈ શાહ, એ.એમ.ટી.એસ.ના ચેરમેનશ્રી અમિતભાઈ શાહ, સ્કૂલબોર્ડના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓ, પૂર્વ ચેરમેનશ્રી મનુભાઈ રાવલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી આર. આઈ. પટેલ, મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓ, સ્કૂલ બોર્ડના શાસનાધિકારીશ્રી, અધિકારીશ્રીઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**વિદ્યાસહાયકોને નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમ :-**

તા. ૦૪/૦૨/૨૦૧૨ના રોજ સ્કાઉટ ભવન, પાલડી ખાતે વિદ્યાસહાયકોને નિમણૂકપત્ર એનાયત કરવાનો તેમજ ખરીકમાઈ સપ્તાહના ઉદ્‌ઘાટનનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેનું ઉદ્‌ઘાટન શ્રીરમણલાલ વોરા, માનનીય મંત્રીશ્રી શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક, પ્રૌઢ), ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ, ગુજરાત રાજ્યએ દીપ પ્રાગટ્ય કરી કર્યું.આ પ્રસંગે માન. શિક્ષણમંત્રીશ્રીએ મ્યુનિ. સ્કૂલબોર્ડના ૧૬૫ વિદ્યાસહાયકો કે જેમની નિમણૂકને બે વર્ષ પૂર્ણ થયેલ છે તેમને પૂર્ણ પગારના નિમણૂકપત્રો એનાયત કર્યા હતા. તેમણે પોતાના મનનીય ઉદ્‌બોધનમાં વિદ્યાસહાયકોને ગુણવત્તાસભર શિક્ષણ આપી પોતાનું યોગદાન વધારી શિક્ષકધર્મ નિભાવવા તથા બાળકોનું ભાવિ ઉજ્જવળ બનાવવા અપીલ કરી હતી. ત્યારબાદ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે સ્કાઉટ-ગાઈડ બાળકોને ખરી કમાઈના કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે અમદાવાદ મહાનગરના મેયરશ્રી અસિતભાઈ વૉરાએ ઉપસ્થિત વિદ્યાસહાયકોને તેમનામાં ઈચ્છાશક્તિ જગાવી બાળકોમાં સંસ્કારોનું સિંચન કરી શિક્ષણનું સ્તર ઊંચું લાવવા તેમજ ખરી કમાઈ સપ્તાહ અંતર્ગત એક એક પૈસાની બચત કરવા અનુરોધ કર્યો હતો.

સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રીએ મ્યુનિ. સ્કૂલ બોર્ડના આર્થિક રીતે નબળાં બાળકોને શિક્ષણ આપી તેમનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવા હાકલ કરી હતી.

આ પ્રસંગે અમદાવાદના ડે. મેયરશ્રી દર્શનાબહેન વાઘેલા, મ્યુનિ. ભાજપના નેતાશ્રી ગૌતમભાઈ શાહ, સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેનશ્રી, પૂર્વ ચેરમેનશ્રી મનુભાઈ રાવલ, સ્કૂલ બોર્ડના સદસ્યશ્રીઓ, મ્યુનિ. કાઉન્સિલરશ્રીઓ, સ્કૂલ બોર્ડના શાસનાધિકારીશ્રી, અધિકારીગણ તથા સ્કાઉટ-ગાઈડ શિક્ષકો અને બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

**શિક્ષા પ્રસાર યાત્રા :-**

અમદાવાદ શહેરમાં શિક્ષણનો વ્યાપ વધે, શિક્ષણ પરત્વે જાગૃતિ કેળવાય તેમજ મહાનગરના જરૂરિયાતમંદ પરિવારો તેમજ મધ્યમવર્ગના પરિવારો પોતાના બાળકોને મ્યુનિ. શાળાઓમાં દાખલ કરતા થાય તે હેતુથી એકાત્મ માનવવાદના પ્રણેતા અને અંત્યોદય વિચારના હિમાયતી પંડિત દીનદયાલ ઉપાધ્યાયની પુણ્યતિથિ તા. ૧૧ ફેબ્રુઆરીના દિવસથી 'શિક્ષા પ્રસાર યાત્રા'નું નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યું. તા.૧૧/૦૨/૧૨ના રોજ સવારે ૦૯ કલાકે ભગવાન જગન્નાથજીના મંદિરના મહંત શ્રી દિલીપદાસજી મહારાજે

દીપ પ્રાગટ્ય કરી, આશીર્વાદ આપી ઘંટનાદ સાથે 'શિક્ષા પ્રસાર યાત્રા'નો પ્રારંભ કરાવ્યો.

'શિક્ષા પ્રસાર યાત્રા'ના આ પ્રથમ દિવસે બહેરામપુરા મ્યુનિ. શાળા નં. ૫/૬થી શરૂ કરીને રાયખડ વિસ્તારમાં જન-જનનો સંપર્ક કરી મ્યુનિ. શાળામાં બાળકોને દાખલ કરવાનું આહ્‌વાન કરવામાં આવ્યું. ૧૧ ફેબ્રુઆરીથી પ્રારંભ થયેલી 'શિક્ષા પ્રસાર યાત્રા' જુદા જુદા તબક્કે અમદાવાદના તમામ વૉર્ડમાં જશે અને શૈક્ષણિક જાગૃતિનું મહાઅભિયાન કરશે. ફેબ્રુઆરી અને માર્ચ માસ દરમ્યાન રાયખડ, ખાડિયા, મેઘાણીનગર, દરિયાપુર, કાલુપુર, દૂધેશ્વર-શાહીબાગ તેમજ શાહપુર વિસ્તારમાં આ રીતે 'શિક્ષા પ્રસાર યાત્રા' યોજવામાં આવી. અમદાવાદ શહેરના તમામ વૉર્ડમાં યોજાનાર આ 'શિક્ષા પ્રસાર યાત્રા'માં શિક્ષણકારો, સામાજિક આગેવાનો, નગર સેવકો, ધારાસભ્યો સહિત સ્કૂલ બોર્ડના સભ્યો જોડાશે.

**૩૫મી જિલ્લા રેલી અને ૨૬મો કબ-બુલબુલ ઉત્સવ :-**

અમદાવાદ મ્યુનિ. સ્કૂલ બોર્ડ જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા ૩૫મી જિલ્લા રેલી અને ૨૬મા કબ-બુલબુલ ઉત્સવનું આયોજન તા.૨૪/૦૨/૧૨ થી તા.૨૬/૦૨/૧૨ સુધી સ્કાઉટભવન, પાલડી ખાતે કરવામાં આવ્યું.

તા. ૨૩/૦૨/૨૦૧૨ને ગુરુવાર બપોરે ૦૩:૦૦ કલાકે રેલીનો ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજવામાં આવ્યો. રેલીના ઉદ્‌ઘાટક તરીકે માન. સંસદ સભ્યશ્રી ડૉ. કિરીટભાઈ સોલંકી, સમારંભના અધ્યક્ષ તરીકે મ્યુનિ. સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, મુખ્ય મહેમાન તરીકે ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઈડ સંઘના રાજ્ય ચીફ કમિશનરશ્રી મહેન્દ્રભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે અ.મ્યુ.કો.ના રોડ એન્ડ બિલ્ડીંગ કમિટીના ચેરમેનશ્રી અને ગુ.રા.ભા.સ્કા.ગા. સંઘના ઉપપ્રમુખશ્રી મિનાક્ષીબહેન પટેલ તેમજ સ્કૂલ બોર્ડના સભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ રેલી દરમ્યાન ભાગ લેનાર સર્વ સ્કાઉટર ગાઈડર અને સ્કાઉટ-ગાઈડ બાળકોને આશીર્વચન આપ્યાં હતાં.

રેલી દરમ્યાન નિબંધ સ્પર્ધા, સ્કીલોરામા, પાયોનીયરીંગ, કુકીંગ, ફર્સ્ટ-એઈડ, એડવેન્ચર, બેન્ડ ડિસ્પ્લે, છાવણી નિરીક્ષણ, માર્ચ પાસ્ટ, ફિઝીકલ ડીસ્પ્લે અને ગ્રાન્ડ કેમ્પ ફાયર જેવી સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

નિબંધ સ્પર્ધામાં કુલ ચાર વિષયો રાખવામાં આવ્યા હતા જેમાં દરેક બાળકે ભાગ લીધો હતો. બાળકોને પ્રોત્સાહન મળે તે હેતુથી Indian Society of Heating, Refrigerating and Air Conditioning Engineers (ISHRAE) અમદાવાદ તરફથી દરેક બાળકને પેન્સીલ, રબર, સંચો, નિબંધલેખન માટે જવાબવહી તથા ટેકણપાટીયું ભેટ આપવામાં આવ્યું હતું.

બાળકોમાં પડેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવામાં અને ખીલવવામાં પ્રેરણાસ્ત્રોત આ પ્રવૃત્તિને રેલી દરમ્યાન ખૂબ જ સુંદર પ્રતિસાદ મળ્યો. બાળકોમાં રાષ્ટ્રીયભાવના, સમૂહભાવના, ખેલદિલી, એકતા , ચારિત્ર્ય ઘડતર જેવા ગુણો વિકસાવવા માટે આ પ્રવૃત્તિ ખૂબ જ સહાયક અને સહઅભ્યાસિક જણાઈ.

તા. ૨૪/૦૨/૨૦૧૨ની રાત્રે ૦૮:૦૦ કલાકે ગ્રાન્ડ કેમ્પફાયરનો કાર્યક્રમ રાખવામાં આવ્યો. તેમાં સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. પાલડી વૉર્ડના કોર્પોરેટરશ્રી બીજલબહેન પટેલ તથા સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓએ હાજર રહી સૌને પ્રોત્સાહિત કર્યા હતા. રેલીમાં ભાગ લીધેલ દરેક સ્કાઉટ અને ગાઈડે પોતાનામાં રહેલી કલા નાટક, ગરબા કે અભિનય ગીતો દ્વારા પ્રદર્શિત કરી.

રેલીના ત્રીજા અને અંતિમ દિવસે તા.૦૫/૦૨/૧૨ના રોજ પૂર્ણાહુતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં પ્રાર્થના બાદ ધ્વજવંદન કરી પીજન્ટ શો રાખવામાં આવ્યો હતો. પૂર્ણાહુતિના અધ્યક્ષ તરીકે સ્કૂલ બોર્ડના વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ ગુ.રા.ભા.સ્કા.ગા. સંઘના ફાયનાન્સ કમિટીના મેમ્બરશ્રી કૌશિકભાઈ જૈન તથા સ્કૂલ બોર્ડના સભ્યશ્રીઓએ આ પ્રસંગે ઉપસ્થિત રહી બાળકોને આશીર્વચન આપ્યાં હતાં. રેલીમાં ભાગ લીધેલ બાળકોમાંથી એક સ્કાઉટ, એક ગાઈડ બાળકે રેલીનો સ્વરચિત અહેવાલ પ્રસ્તુત કર્યો હતો. ત્યારબાદ વિજેતાઓને શિલ્ડકપ વિતરણ કરવામા આવ્યા. અંતે આભારવિધિ બાદ રાષ્ટ્રગીત ગાઈ સૌ છૂટા પડ્યા. તા. ૨૫/૦૨/૨૦૧૨ને શનિવારે બપોરે ૦૩:૦૦ કલાકે કબ-બુલબુલ ઉત્સવનો ઉદ્‌ઘાટન સમારંભ રાખવામાં આવેલ. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે ગૌતમભાઈ શાહ, સ્કૂલ બોર્ડ સભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ સાધનાબેન જોષી, ફાલ્ગુનીબેન શાહ તથા નયનાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યાં હતાં.

ઉદ્‌ઘાટન સમારોહ બાદ ચિત્ર હરીફાઈ રાખવામાં આવી, જેમાં દરેક બાળકે ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ચિત્ર હરીફાઈ બાદ કલરવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કલરવ સાંસ્કૃતિક પ્રોગ્રામમાં નાનાં-નાનાં ભૂલકાંઓએ પોતાની કાલી-ઘેલી ભાષામાં સુંદર કાર્યક્રમો રજૂ કર્યા.તા. ૨૬/૦૨/૨૦૧૨ના દિવસે વિદ્યાર્થીઓ માટે કોથળાદોડ, ત્રિપગી દોડ, લીંબુ ચમચો, સમતોલન, બટાટાવીણ જેવી અનેક હરીફાઈઓ યોજવામાં આવી. દરેક હરીફાઈમાં ભાગ લઈ બાળકોએ ખૂબ જ આનંદ માણ્યો.

પૂર્ણાહુતિ સમારોહ બપોરના ૦૨:૦૦ કલાકે શરૂ થયો જેમાં સ્કૂલ બોર્ડના સભ્યશ્રીઓએ હાજરી આપી સૌને અભિનંદન પાઠવ્યા. પ્રાસંગિક પ્રવચન બાદ સૌ વિજેતા કબ-બુલબુલ બાળકોને ઈનામ અને શિલ્ડ વિતરણ કરવામાં આવ્યું. અંતે રાષ્ટ્રગીત ગાઈ રેલી અને ઉત્સવનું સમાપન કરવામાં આવ્યું.

**સ્કાઉટ ગાઈડ અંતર્ગત એડલ્ટ એવોર્ડ – ૨૦૧૧**

તા. ૨૨/૦૨/૨૦૧૨ના રોજ રાજ્યપાલના હસ્તે એડલ્ટ એવોર્ડ મેળવનાર અધિકારી-કર્મચારી-શિક્ષકોને સ્કૂલ બોર્ડ, અમદાવાદ અભિનંદન પાઠવે છે.

થેંક્સ એવોર્ડ- શ્રી બાલકૃષ્ણભાઈ ઉપાધ્યાય
આસિ.એ.ઓ.(લીગલ) તથા ખજાનચી

બાર ટુ મેડલ ઓફ મેરિટ- શ્રી નલિનીબેન પોપટાણી
ડે.એ.ઓ. તથા ગાઈડ કમિશનર

બાર ટુ મેડલ ઓફ મેરીટ- શ્રી સત્યેન્દ્રસિંહ ઠાકુર - આસિ. એ.ઓ. તથા મથક કમિશનર

બેસ્ટ સ્કાઉટ માસ્ટર- શ્રી કપુરકુમાર આર. વર્મા
આસિ. શિક્ષક, નવાવાડજ હિ. ૧

બેસ્ટ ગાઈડ કેપ્ટન - શ્રી નીરૂબેન એમ. જાદવ
આસિ. ઓર્ગે. કમિ. ગાઈડ તથા
જિલ્લામંત્રી, આ.શિ., બહેરામપુરા ગુ.૧૫

બેસ્ટ કબ માસ્ટર - પી. કુમાર
કબ માસ્ટર, આ.શિ.,અસારવા ત.- ૨

બેસ્ટ ફ્લોક લીડર- દિવાળીબેન જી. રાણા
ફ્લોક લીડર, આ. શિ., કાંકરિયા ગુ. - ૧૦

નેશનલ હેડ ક્વાર્ટસ દિલ્હી દ્વારા વોરંટેડ બેસ્ટ ગાઈડ કેપ્ટનનો એવોર્ડ શ્રી ભગવતીબેન પી.ઓઝા - ઓર્ગે. કમિ. સ્કાઉટ-ગાઈડ, અમ. મ્યુનિ. સ્કૂલબોર્ડ, જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘને એનાયત કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત ૨૦૧૧-૧૨ના વર્ષે ૩૨ સ્કાઉટ તથા ૩૮ ગાઈડ એમ કુલ ૭૦ બાળકોને રાજ્ય પુરસ્કાર મળેલ છે.

**આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી :-**

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીના ભાગ રુપે તા. ૦૬/૦૩/૨૦૧૨ના રોજ જમાલપુર ગુજરાતી શાળા નં. ૪ ખાતે 'આજની જરૂરિયાત – મહિલા સશક્તિ' વિષય પર એક સભાનું આયોજન કરવામાં આવ્યું.

આ સભાનું ઉદ્ઘાટન ડે. મેયર શ્રીમતી દર્શનાબહેન વાઘેલાના હસ્તે કરવામાં આવ્યું. મુખ્ય મહેમાન તરીકે શ્રી ભાવનાબહેન પંચાલ - એડવોકેટ, નોટરી, પ્રાસંગિક વકતા તરીકે પ્રો. સ્મિતા રાવલ - સમાજશાસ્ત્ર વિભાગના વડા, રાષ્ટ્રભાષા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, અતિથિ વિશેષ તરીકે શ્રી વીણાબહેન પ્રજાપતિ - માન. સભ્યશ્રી, સ્કૂલ બોર્ડ તેમજ સ્કૂલ બોર્ડ ચેરમેનશ્રી, શાસનાધિકારીશ્રી, ડે.એ.ઓ. શ્રી નલિનીબહેન પોપટાણી, મદદનીશ શાસનાધિકારીશ્રી કલ્પનાબહેન પટેલ તેમજ તમામ ઝોનના મહિલા સુપરવાઈઝરશ્રીઓ અને દરેક ઝોનમાંથી ૨૫-૨૫ એમ કુલ ૧૨૬ મહિલા શિક્ષિકા બહેનો તેમજ સ્કાઉટ ગાઈડ ઓર્ગેનાઇઝરશ્રી તથા મંત્રીશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી દરમ્યાન જ આ પ્રસંગે સ્કૂલ બોર્ડના નિવૃત્ત ઓ.એસ.શ્રી અમીતાબહેન ભટ્ટ તથા નિવૃત્ત સુપરવાઈઝરશ્રી સુનંદાબહેન ચૌહાણનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું. આતંરરાષ્ટ્રીય મહિલા દિનના અનુસંધાને સુંદર વકતવ્યો રજૂ કરવામાં આવ્યાં.

**વિશ્વવન દિનની ઉજવણી :-**

૨૧મી માર્ચને વિશ્વવન દિન તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે તા. ૨૧/૦૩/૧૨ના રોજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, ડી.પી.એસ., ડી.એ.વી. અને અદાણી ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું. ગાંધીઆશ્રમથી શરૂ કરી વાડજ તથા ઉસ્માનપુરા થઈને ગાંધીજીની પ્રતિમા સુધી આ રેલી યોજવામાં આવી. મહાનગરના મેયરશ્રી અસિતભાઈ વોરાના હસ્તે રેલીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું. જેમાં સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી, વાઈસ ચેરમેનશ્રી, શાસનાધિકારીશ્રી તથા અદાણી ગ્રુપના પ્રતિનિધિઓ પણ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા જોડાયા હતા.

મહાત્મા ગાંધી મ્યુનિ. શાળા નં. ૧માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજ્યા બાદ સવારે ૦૭:૩૦ કલાકે રેલીને લીલી ઝંડી અપાઈ. સવારે ૦૯:૦૦ કલાકે ઈન્કમટેક્ષ ખાતે આવેલ ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી અર્પણ કરી રેલીનું સમાપન કરવામાં આવ્યું.

શહેરની વિવિધ ખાનગી શાળાઓના ૪૦૦ વિદ્યાર્થીઓ અને મ્યુનિ. શાળાઓના ૬૦૦ વિદ્યાર્થીઓએ આ રેલીમાં ભાગ લઈ પર્યાવરણ જાગૃતિ અને પ્રદૂષણ ઘટાડવા અંગેના અર્થસભર મેસેજ ધરાવતા બેનર્સ અને પ્લેકાર્ડસ દ્વારા વન સંવર્ધનનો મેસેજ આપ્યો.

તમામ વિદ્યાર્થીઓએ ગ્રીન સિટી અને ગ્રીન અર્થની અપેક્ષા વ્યક્ત કરતો ક્રાઉન અને ટી-શર્ટ પહેર્યો હતો. વિદ્યાર્થીઓએ પહેરેલ ગ્રીન ક્રાઉન રીસાઈકલ પ્લાસ્ટિકમાંથી બનાવવામાં આવ્યા હતા. જ્યારે પ્લેકાર્ડસ અને બેનર્સમાં પેપર્સનો સહેજ પણ ઉપયોગ કરવામાં આવ્યો ન હતો. આમ

વૃક્ષોનું જતન કરવાનો મેસેજ તેમણે ખૂબ અસરકારક રીતે આપ્યો હતો.

આ પ્રસંગે ઉસ્માનપુરા ગુજરાતી શાળા નં. ૨ના કોટની દીવાલ પર 'વન થકી જીવન'એ થીમ પર પર્યાવરણ અને વન જાળવણી માટે પ્રેરક ચિત્રાંકન કરાવવામાં આવ્યું હતું. જે રાહદારીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

**અજબ બાળકોની ગજબ સૃષ્ટિ :-**

વિવિધ પ્રકારે વિકલાંગ સ્થિતિ ધરાવતાં અને ચેલેન્જિંગ ગણાતાં બાળકોમાં રહેલી શક્તિઓને વિકસાવવા અને તેમને પ્રોત્સાહિત કરવા અંગેની કામગીરી કરતી ૨૧ સંસ્થાઓ સાથેના સંકલન દ્વારા તા. ૨૯/૦૩/૨૦૧૨ના રોજ ટાગોર હોલ ખાતે એક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

સર્વ શિક્ષા અભિયાન મિશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં વિકલાંગ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને અભિવ્યક્ત થવાની તક પૂરી પાડવામાં આવી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ૨૪૦ બાળકોએ વિવિધ જૂથમાં કૃતિઓ રજૂ કરી હતી.

અમદાવાદ મહાનગરના કમિશનરશ્રી ગુરુપ્રસાદ મહાપાત્ર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સ્કૂલ બોર્ડના ચેરમેનશ્રી ડૉ. જગદીશભાઈ ભાવસાર, વાઈસ ચેરમેનશ્રી ડૉ. હર્ષદભાઈ પટેલ, સ્કૂલ બોર્ડ સદસ્યશ્રીઓ, શાસનાધિકારીશ્રી તથા અન્ય અધિકારીગણ સહિત જે તે સંસ્થાના પ્રતિનિધિઓએ હાજર રહી અજબ બાળકોની ગજબ સૃષ્ટિને નિહાળી હતી.

## મારે પણ કંઈક કહેવું છે.

### -: દીનના રતન બને દીનતાના દુશ્મન :-

"શું તમે કોર્પોરેશનનાં બાળકોને ભણાવો છો? અંહઃ ત્યારે તો તમારે ત્યાં બધા ચિલ્લર-પિલ્લર બાળકો આવતાં હશે!" આ એક કોમેન્ટે મારા મન-મગજને હલાવી નાખ્યું. ત્યારે મારો જવાબ હતો, અમારાં બાળકોમાં પણ ટેલેન્ટ હોય છે. પતંગમહોત્સવમાં જે બાળકો એક સાથે, એક તાલે એક પણ ભૂલ વગર સૂર્યનમસ્કાર અને કસરતના દાવ કરે છે તે અમારા કોર્પોરેશનના બાળકો હોય છે. મારી શાળાનાં બાળકો પ્રવેશોત્સવ કે અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું અદ્ભૂત સંચાલન કરે છે. આપણાં બાળકોમાં ખૂબ પ્રતિભા હોય છે, જે દુનિયાને બતાવીએ, ત્યારે જ આપણા વિદ્યાર્થીઓને વળગેલ 'મ્યુનિસિપાલિટીના બાળકો', 'ચિલ્લર-પિલ્લર બાળકો', 'ગરીબ બાળકો' આવાં પૂંછડાં કપાશે. ચાલો, આપણા બાળકોએ દોરેલ ચિત્રો, બનાવેલ કૃતિઓને સમાચારપત્રોની બાળપૂર્તિમાં છપાવી કે પછી આપણા સાંસ્કૃતિક કાર્યક્રમોનું વિડિયો રેકોર્ડિંગ ટેલિવિઝનમાં આપી દુનિયાને આપણાં બાળકોની શક્તિનો પરિચય કરાવીએ. આવડતનો દેખાડો નહિ પણ પ્રતિભાનું દર્શન જરૂરી છે.

દુનિયા યાદ રાખે કે, હીરો તો કોલસાની ખાણમાંથી જ નીકળે છે. આપણા ગરીબ ઘરનાં બાળકો પણ ડૉક્ટર, એન્જિનીયર, સાયન્ટિસ્ટ બની શકે છે. અરે! જે બાળકો આ ઊંચી પદવી નહિ શોભાવે તો પણ જે તે ક્ષેત્રમાં તેઓ શ્રેષ્ઠ જરૂર બનશે. જો તેઓ શાક વેચશે તો પણ તેમાં વેચવાની ટેક્નિક, ગુણવત્તા બધુ જ શ્રેષ્ઠ હશે કે જેથી તેઓ પોતાને સફળ બિઝનેસમેન સાબિત કરી બતાવશે. આ માટે વ્યવહારુ જ્ઞાન સાથે ઘડતર માટેની તક પૂરી પાડવી પડશે. અદ્વિતીય અને નવીન વિચારો ખીલે તે માટે તેમનામાં સર્જનશક્તિ, કલ્પનાશક્તિ તેમજ કંઈક નવું કરવાની તમન્ના જગાડવી પડશે. સીધો અને સરળ નહિ પણ અઘરો, અગવડતાભર્યો નવો રસ્તો પસંદ કરવાની તાકાત જગાડવી પડશે. પછી જુઓ, જ્યાં ભગવાને શક્તિ અને સામર્થ્ય વહેંચવામાં જરાય ભેદભાવ નથી રાખ્યો ત્યાં શિક્ષકોના પ્રયાસે દુનિયા તેમનામાં છુપાયેલા હીરનો ઝગમગાટ મહેસુસ કરશે અને ત્યારે શિક્ષકોનું નૂર ઝળહળી ઉઠશે.

રામેશ્વરની ગલીઓમાં રમતા સાધારણ ઘરના બાળકે તેની પોતાની શક્તિઓના કારણે વૈજ્ઞાનિક બની, મિસાઈલમેન બની, ભારત જેવા મહાન દેશના રાષ્ટ્રપતિ બની સાબિત કરી બતાવ્યું કે કોઈપણ અડચણ અમારા વિકાસને અવરોધી શકે નહિ. હકારાત્મક બની, તક ઝડપી, સમયને સાચવી, બાળકોને 'Quality time' આપીએ અને પછી જુઓ તે બાળકો જરૂર આપણું નામ રોશન કરશે.ચાલો, આપણી શાળાઓ, આપણા બાળકો અને આપણી પોતાની ઓળખની સફળ છબીને નાવીન્યસભર અને અદ્વિતીય તકતીમાં સજાવીએ, મઢાવીએ.

**અભીપ્સા**

સમય વહી જાય તે પહેલાં... સમયને સાચવી લઈએ.
ભરોંસો ભાંગી જાય તે પહેલાં... શ્રધ્ધા બાંધી લઈએ.
જીવન વહી જાય તે પહેલાં... જીવન સાર્થક કરી લઈએ.
શિક્ષકથી પણ આગળ વધી... ગુરુ બની લઈએ.

અસ્મિતાબેન ડી. પટેલ
અમદુપુરા શાળા નં. ૨

## -: નવી શાળા :-

'અરે વાહ! નવી શાળા શરૂ કરવાની જવાબદારી ઉપાડવાની છે' - એ વિચાર જ એટલો આનંદ પ્રેરતો હતો કે સજાગપણે એ માટેની તૈયારીઓમાં આખુંય ઉનાળાનું વેકેશન કાર્યરત રહેવા છતાં કંટાળાનું નામ નહિ. ભરઉનાળે રમત-ગમતના સાધનો તેમજ મધ્યાહ્નભોજન માટે ૩૦૦ નંગ ડીશો, સ્ટીલની ડોલો – ૮ નંગ, બાઉલ - ૧૬ નંગ, ચમચા – ૮નંગ, કડછા – ૮ નંગ, ભાતિયા – ૮ નંગ સ્વપ્રયત્ને લોકસહયોગથી મેળવ્યા.

ભાવનગરના વેપારીશ્રી ગગજીભાઈ સુતરિયા શિક્ષણક્ષેત્રમાં કંઈક કરવાની ધગશ ધરાવતા હતા. અમારી શાળાની અવાર-નવાર મુલાકાતોમાં શાળાની કામગીરી અને કર્મચારીઓની કાર્યનિષ્ઠાથી આનંદિત થઈને તેમણે અમારી શાળાને દત્તક લીધી. તેમણે શાળાના લોકાર્પણ સમયે આધુનિક ડિઝાઈન ધરાવતી અઢી લાખ રૂપિયાની કિંમતની ૧૦૦ નંગ બેન્ચીઝ શાળાને દાનમાં આપી. શાળામાં સમૂહપ્રાર્થના થઈ શકે તેવી સુવિધા ન હોઈ તમામ વર્ગોમાં એવી સાઉન્ડ સીસ્ટમની વ્યવસ્થા લોકસહયોગથી કરવામાં આવી છે કે જેથી તમામ વર્ગોમાં બેઠેલા બધાં જ બાળકો પ્રાર્થનાનો લાભ લઈ શકે.

શાળામાં ૨૭૫ બાળકોનું નામાંકન થયું. સર્ટિ. વગરના બાળકો માટે એસ.ટી.પી. વર્ગો શરૂ થયા. શાળામાં અપૂરતો સ્ટાફ હોવાથી સ્વેચ્છાએ સવારે ૧૦ વાગે આવી સાંજના ૭ વાગ્યા સુધી કામ કરી સમયદાન દ્વારા શાળાના શૈક્ષણિક કામ અને વહીવટી કામનું બેલેન્સ જાળવ્યું. શાળા દફતરની તમામ ફાઈલોને કમ્પ્યુટરાઈઝ્ડ કરી કલરફૂલ હેડીંગ આપ્યા. આ તમામ કામમાં મારી નાનકડી ટીમના બે સભ્યો - પ્રીતિબહેન પાંડે અને અલ્પેશભાઈ જાદવનો સાથ હર કદમ પર મને સાંપડ્યો. ઘણા બધા પ્રશ્નો હતા, છતાંય કામ કરી બતાવવાની અમારી અડગ નેમથી અમે પાર પડ્યા અને એક સારી શાળાની સુંદર શરૂઆત કરી શક્યા. તા. ૪/૨/૧૨ના રોજ ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રીશ્રી રમણલાલ વોરાના હસ્તે શાળાનું લોકાર્પણ થયું ત્યારે અમારો આનંદ ચરમસીમાએ પહોંચ્યો. શાળા તો શરૂ થઈ ગઈ પરંતુ અમારી શાળામાં આવતાં બાળકોને પ્રવૃત્તિ, પ્રત્યક્ષીકરણ અને સ્થળ મુલાકાત દ્વારા જ્ઞાન પ્રાપ્ત થાય તે પણ મહત્ત્વનું છે. બાળકોને આસપાસની દુનિયાનો અને વ્યવહારુ બાબતોનો પ્રત્યક્ષ અનુભવ થાય તે રીતે શાળામાંથી નજીકના ચાર-રસ્તા (શ્યામલ ચાર-રસ્તા) પર ટ્રાફિક નિયમનની વ્યવસ્થાનું નિદર્શન કરાવવામાં આવ્યું. ટ્રાફિક પોલીસે બાળકોને સમજાવ્યું તથા પ્રેક્ટિકલ કરાવ્યું. બાળકોએ શાળામાં ઉગેલા ફૂલોનો ગુલદસ્તો તથા થેન્કસ કાર્ડ તેમને આપી આભાર વ્યક્ત કર્યો. આજ રીતે એસ.ટી. બસ સ્ટેશન, પોસ્ટ ઑફિસ, બેંકની મુલાકાત બાળકોને લેવડાવી અને તે પણ લોક સહયોગથી. આત્મશ્લાઘા કે સ્વપ્રશસ્તિ માટે નહિ પણ આત્મસંતોષની અભિવ્યક્તિ સ્વરૂપે સ્વઅનુભવનું નિરૂપણ કરવાનો પ્રયાસ કર્યો છે.

**If you want to achive something special,**
**you must think different**
**and work hard**
**to reach your milestone.**
**You will be victorious.**

નિકેતાબેન એસ. વ્યાસ
આ.શિ.
એલિસબ્રીજ શાળા નં. ૩૦

### મ્યુનિ. શાળાના શિક્ષકો જોગ

**મારે પણ કંઈક કહેવું છે-** શિક્ષણને પોષક, શિક્ષકને પ્રોત્સાહક અને બાળક માટે પ્રેરણાદાયી લેખ નગર શિક્ષણ પત્રિકામાં પ્રગટ કરવા માટે આવકારવામાં આવશે.

**નોંધ :** રચના મૌલિક હોવી જોઈએ, ટૂંકી હોવી જોઈએ, પાનાની એક બાજુ, શુદ્ધ જોડણી અને સારા અક્ષરે લખાયેલી હોવી જોઈએ. જગ્યાની અનુકૂળતા અને લેખની ઉપયોગિતાના આધારે પસંદગી કરવામાં આવશે.

**Best Practices -** સ્કૂલ બોર્ડ તરફથી સીધી સૂચના વગર પણ શિક્ષણ અને બાળઘડતરને ઉપકારક પ્રયાસ કે ઈનોવેટીવ એક્ટિવીટી હાથ ધરવામાં આવેલ હોય તો પ્રાપ્ત પરિણામોની ટૂંકી વિગત સાથેનો અહેવાલ આ પત્રિકામાં પ્રગટ કરવા માટે આવકારવામાં આવશે.

**ડૉ. આર.એચ. રાણા**
સંચાલક, નૂતન તાલીમ વિભાગ,
જમાલપુર શાળા નં. ૪ ની પાછળ, અમદાવાદ
rana.msb@gmail.com

**Book Post**

પ્રતિ શ્રી, ____________________

____________________

____________________

પ્રેષક :
**ડૉ. એલ.ડી. દેસાઈ**
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
એલિસબ્રીજ શાળા નં-૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ,
નવરંગપુરા, અમદાવાદ-૯
ફોન - (૦૭૯) ૨૬૪૨ ૭૦ ૧૪